અપીલ અરજી નં.૩૦૦ તા.૧૭–૧–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી પાણીની ભીંત વોર્ડ નં.૧૦/૨૫૫૬ એ વાળી જગ્યા પર નવું બાંધકામ થયેલ છે. જેમાં ગેરકાયદે બાંધકામ કેટલું અને મિલકતની આકારણી થયેલ છે કે નહીં? મુદ્દા નં.૧ થી ૫ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી પાણીની ભીંત વોર્ડ નં.૧૦/૨૫૫૬ એ વાળી જગ્યા પર નવું બાંધકામ થયેલ છે. જેમાં ગેરકાયદે બાંધકામ કેટલું? અને મિલકતની આકારણી થયેલ છે કે નહીં?તે અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૭ તા.૨૩–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર સબબ કાયદા હેઠળના કલમ ૮,૯ કે ૧૧ પૈકીના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારે મુળ અરજીથી નિર્દિષ્ટ મિલકતમાં ગેરકાયદે બાંધકામ કેટલું? જો ગેરકાયદે હોય તો તોડવામાં કેમ આવતું નથી? પાર્કીગની વ્યવસ્થા છે કે કેમ? કેટલી? મિલકતની આકારણી થયેલ છે કેમ? કેટલી? તથા દુકાનો ગુમાસ્તા લાયસન્સ ધરાવે છે કે કેમ? ન હોયતો શું પગલાં લીધા? વિગેરેની માહિતી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પુરી પડાયેલ જણાતી નથી.

### *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી ૧ થી ૫ મુદ્દાની માહિતી પુરી પડાયેલ ન હોઈ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામભાઈ મેમણ,